# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 07-04-2025 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.નમસ્કાર.....

---

## પેટ્રોલ-જિઝલ એક્સાઈઝ ડ્યુટી:

સરકારે પેટ્રોલ અને ડીઝલ પર એક્સાઇઝ ડ્યુટીમાં પ્રતિ લિટર 2 રૂપિયાનો વધારો કરવાનો નિર્ણય લીધો છે. પરંતુ, ઓઇલ માર્કેટિંગ કંપનીઓએ કહ્યું છે કે બંને પેટ્રોલિયમ ઉત્પાદનોના છૂટક ભાવમાં કોઈ વધારો થશે નહીં. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ આજે નવી દિલ્હીમાં જણાવ્યું હતું કે એક્સાઇઝ ડ્યુટીમાં વધારાથી ગ્રાહકો પર કોઈ અસર થશે નહીં.આ વધારો આવતીકાલથી અમલમાં આવશે. હરદીપ પુરીએ જણાવ્યું હતું કે ઘરેલુ LPG સિલિન્ડરના ભાવમાં પ્રતિ સિલિન્ડર 50 રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. શ્રી પુરીએ જણાવ્યું હતું કે આવતીકાલથી ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓ માટે ગેસ સિલિન્ડરનો ભાવ 550 રૂપિયા અને અન્ય લોકો માટે 853 રૂપિયા થશે.

-------------------------------------------------------------------------------

## માછીમાર-અગરીયાઓ માટે તાલીમ:

નાગરિક સંરક્ષણ કચેરી-ભુજ દ્વારા રાષ્ટ્રીય ચક્રવાત જોખમ નિવારણ પ્રોજેક્ટ અંતર્ગત વાવાઝોડા સમયે માછીમારો, અગરિયાઓ અને દરિયાકિનારે વસતા નાગરિકોને વ્યવસ્થાપનની પ્રાથમિક તાલીમ અપાઈ હતી. આ પ્રોજેક્ટ હેઠળ રાપર, ભચાઉ, અંજાર, ગાંધીધામ, ભુજ, અબડાસા, મુંદરા અને લખપત તાલુકામાં 4000થી વધુ અગરિયા કુટુંબ રણ અને દરિયાકાંઠાના વિસ્તારોમાં મીઠું પકવવાનો વ્યવસાય કરે છે.

અગરિયા અને માછીમારોને ચક્રવાત, વાવાઝોડા જેવી કુદરતી આપત્તિ સમયે કેવી રીતે જાનમાલનું રક્ષણ કરવું તે માટે તકેદારીનાં કયા પગલાં હાથ ધરવા તે અંગે નાની-મોટી,

સાંધારા, દેઢિયા અને અંધૌ ગામના રણમાં મીઠું પકવતા અગરિયા ભાઈ-બહેનો માટે તાલીમ યોજાઈ હતી. આગામી સમયમાં જિલ્લાના વસવાટ કરતા 4000 આગરિયા કુટુંબને વિવિધ સ્થળે તાલીમ અપાશે.

------------------------------------------------------------------------------------------

## અસ્થિઓનું વિસર્જન :

આદિપુરનાં એકતા યુવા ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આદિપુર સોનાપુરી સ્મશાનમાં પડેલાં બિનવારસુ અસ્થિઓનું હરિદ્વારમાં ગંગા નદીમાં વિસર્જન કરી દિવંગતોની આત્માને શાંતિ આપવાનો પ્રયાસ કરવામાં આવશે. ટ્રસ્ટના પ્રમુખ નંદુભાઈ મીઠવાણીએ જણાવ્યું હતું કે, વર્ષ 2005થી આ અનોખી સેવા કરવામાં આવે છે, જેમાં આદિપુર સોનાપુરી ટ્રસ્ટનો સહકાર સાંપડે છે. આ વર્ષે પણ આદિપુર સોનાપુરી સ્મશાનમાં પડેલાં બિનવારસુ 180 થી 190 જેટલાં અસ્થિને ટ્રેન મારફતે ગંગામાં વિસર્જન માટે લઈ જવામાં આવશે.

------------------------------------------------------------------------------------------

## પ્રધાનમંત્રી-વિશ્વકર્મા આઈકાર્ડ રજીસ્ટ્રેશન:

કચ્છ જિલ્લા સોનાં-ચાંદી મહામંડળના નેજા હેઠળ, ભુજ તાલુકા સોનાં-ચાંદી મહામંડળ તથા ભુજ બુલિયન એસોસિયેશનના સંયુક્ત રીતે યોજાયેલા કેમ્પમાં ભુજ, માધાપર, સુખપર, માનકૂવા, મિરજાપર, દેશલપર, નારાણપર વગેરે ગામોના સોનાં-ચાંદીના કારીગરોનું પ્રધાનમંત્રી વિશ્વકર્મા આઇકાર્ડનું રજિસ્ટ્રેશન કરાવવામાં આવ્યું હતું.

------------------------------------------------------------------------------------------

## હવામાન:

દેશ આખાની ગરમી કચ્છમાં પડી રહી હોય તેમ જિલ્લામાં ગરમીની આણ વર્તાઇ રહી છે. હવામાન વિભાગ દ્વારા આજે અને આવતીકાલ માટે રેડ એલર્ટ અને શુક્રવારે યલો એલર્ટ જારી કરાયું છે. ગાંધીધામ, અંજાર, ગળપાદર અને મેઘપર બોરિચી પંથકમાં ગરમી વધવાની સાથે

ગઇકાલે કંડલા એરપોર્ટ મથકે પારો 1.6 ડિગ્રી ઉંચકાઇને 45.6 ડિગ્રીએ પહોંચવાની સાથે કચ્છ સતત ત્રીજા દિવસે દેશમાં ગરમ રહ્યું હતું. તો 43 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન સાથે જિલ્લા મથક ભુજ રાજ્યનું બીજા નંબરનું ગરમ સ્થાન રહ્યું હતું. ગરમીના કારણે ટોપી, ચશ્માથી માંડીને મોસંબી, સક્કરટેટી, તરબૂચ જેવાં પાણીદાર ફળોની બજારમાં લોકો દ્વારા ખરીદી વધુ રવામાં આવી રહી છે.

---------------------------------------------------------------------------------------

## રાપર-છાશ વિતરણ કેન્દ્ર:

ઉનાળાની કાળઝાળ ગરમીમાં લોકોને રાહત આપવા માટે રાપર ટ્રાફિક પોલીસે અનોખી પહેલ કરી છે. રાપરના દેના બેંક ચોક પાસે આવેલી ટ્રાફિક પોલીસ ચોકી ખાતે મફત ઠંડી છાસનું વિતરણ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. આ પહેલથી રાપર શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી સરકારી કચેરીઓના કામ માટે આવતા લોકો તેમજ રાહદારીઓને ગરમીમાં રાહત મળી રહી છે.

---------------------------------------------------------------------------------------

## ગૌધન માટે ઘાસ:

કચ્છમાં તીવ્ર ગરમીને ધ્યાને રાખી ગૌધન માટે ઘાસની અછત ન થાય તેવા આશય સાથે દાતાઓના સહયોગથી કચ્છના જુદા-જુદા ગામમાં ઘાસની 51 ગાડીને રામનવમીના દિને પ્રસ્થાન કરાવ્યું હતું. દાતા હિતેશભાઈ સોની, વિનોદભાઈ સોલંકી, હરીશભાઈ કતિરા, રવજી મનજી સોરઠિયા અને સમર્પણ મહિલા મંડળ-માધાપર તરફથી યોગદાન અપાયું હતું

---------------------------------------------------------------------------------------

# વેડહાર મોટી ગામમા મહોત્સવ:

નખત્રાણા તાલુકાના પાકિસ્તાન સરહદ નજીક આવેલા વેડહાર મોટી ગામમાં માલણ માતાજીના મંદિરનો ત્રણ દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો. આ પ્રસંગે હોમ હવન સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.

આ વિસ્તારમાં સોઢા સમાજના લોકો છેલ્લા 50 વર્ષથી સરહદના સંત્રી તરીકેની ભૂમિકા નિભાવી રહ્યા છે. અગાઉ વીર હમીરજી દાદાના મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો.

---------------------------------------------------------------------------------------